| |
|---|
| **પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર**<br>**પરિપત્ર-2022** |

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/8438-80
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. **24/06/2022**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- ધો-11 માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબત.

સંદર્ભ :-(1) બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2021/ 3425-66 તા.01/07/2021.
(2) શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો ઠરાવક્રમાંક:112022/93/છ તા.07/06/2022
(3) COBSEનો તા.13/06/2022નો ઈ-મેઈલ.
(4) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.21/06/2022ની શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:02/2022 અને તા. 21/06/2022ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:007/2022.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો- 11 માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ-(1) દર્શિત પરિપત્ર મુજબ પ્રવેશ આપવામાં આવતો હતો. જે પરિપત્ર સાથે બિડાણમાં સમકક્ષતા ધરાવતા કુલ-65 બોર્ડની યાદી સામેલ રાખવામાં આવેલ હતી.

સંદર્ભ-(3) દર્શિત COBSEના ઈ-મેઈલથી 66 બોર્ડની યાદી મળેલ છે. જે અંગે સંદર્ભ (4) દર્શિત શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિના ઠરાવથી નક્કી થયા મુજબ સમકક્ષતા ધરાવતા બોર્ડની યાદીને અદ્યતન બનાવી કુલ-66 બોર્ડની યાદી આ સાથે સામેલ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડએ પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ 66 બોર્ડની યાદી પૈકીના કોઈ બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ શાળામાં શાળાકીય અભ્યાસ માટે ધો-11માં પ્રવેશ મેળવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા માટે શાળાએ દરખાસ્ત કરવાની રહેશે.

ઉક્ત સંદર્ભ-2 દર્શિત શિક્ષણ વિભાગના તા.07/06/2022ના ઠરાવ અન્વયે "ધોરણ-11 માં પ્રવેશ સંદર્ભે ભારતના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા બાબતના વખતો વખતના પરિપત્રો અન્વયે 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' માટે યોગ્ય જાહેર કરવામાં આવેલ હોય તેવા બોર્ડનો વિદ્યાર્થી હોવો જોઇએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-10 પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11 માં પ્રવેશ આપી શકાશે".

આ ઉપરાંત, સંદર્ભ-2 દર્શિત શિક્ષણ વિભાગના તા.07/06/2022ના ઠરાવમાં જણાવ્યા મુજબ "ઓપન સ્કુલ તરીકે સમગ્ર દેશમાં NIOS નું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજયના OPEN બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના OPEN બોર્ડની ધોરણ-10 ની પરીક્ષા ઉતીર્ણ કરે તો પણ તેને ધોરણ-11 માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહિ, કારણ કે અન્ય રાજ્યના OPEN બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી OPEN બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે". જે બાબત અન્ય બોર્ડના વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે શાળાએ ધ્યાને રાખવાની રહેશે.

આ સાથે સામેલ પ્રવેશ યોગ્યતા માટે માન્ય યાદી મુજબના અન્ય બોર્ડમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને શાળાએ કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ સત્વરે સંબંધિત બોર્ડમાંથી તેના પ્રમાણપત્રોની ખરાઈ કરાવીને ઉક્ત વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને રજૂ કરીને તેઓ પાસેથી 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવ્યા બાદ વિદ્યાર્થીને કાયમી પ્રવેશ આપવાનો રહેશે.

વિદ્યાર્થીને કામચલાઉ પ્રવેશ આપ્યા પછી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા અંગે દરખાસ્ત મોકલવા માટે જરૂરી કાર્યવાહી શાળાના આચાર્યશ્રીએ વિના વિલંબે પૂર્ણ કરવાની રહેશે. કેટલાક કિસ્સાઓમાં અસહ્ય વિલંબ થયાની બાબતો ધ્યાને આવેલ છે. જેથી આ વિલંબ થવાને કારણે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ન ઉદભવે તે માટે આચાર્યશ્રીએ અંગત કાળજી રાખવાની રહેશે તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પણ પોતાને મળેલ દરખાસ્તોનો સત્વરે નિકાલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા મેળવેલ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" શાળાના આચાર્યશ્રીએ બોર્ડની પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્ર ભરતી વખતે સ્કેન

કરવાનું રહેશે. તે જ પ્રમાણે ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા વિદ્યાર્થીઓએ પણ સમકક્ષ યાદીમાં સમાવિષ્ટ બોર્ડમાંથી ધો-10 કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ માટે પણ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી મેળવવાનું રહેશે. આ માટે નિયમિત પરીક્ષાર્થી માટે કરેલ પ્રવિધિ કરવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ COBSEની ઉક્ત 66 બોર્ડની યાદી સિવાયના કોઇ બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે. જેની નોંધ લેવી.

**વિદેશમાં અભ્યાસ કરીને આવતા વિદ્યાર્થીઓ ગુજરાત બોર્ડ સંલગ્ન શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય તેમના માટે બોર્ડના તા.24/04/2017 ના ""પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" પરિપત્ર" અને વિનિયમોની જોગવાઈ મુજબ પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે. વિદેશમાં અભ્યાસ કરી ધો-9 થી 12 માં પ્રવેશ મેળવવા બાબતે ""પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર"" બોર્ડ કચેરીના 'સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર' પરથી મેળવવાનું રહેશે.**

ઉપરોકત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માન. અધ્યક્ષશ્રીના આદેશ અન્વયે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>બિડાણ</u>:- ક્રમ નંબર 1 થી 66 સમકક્ષ બોર્ડની યાદી

<u>નકલ સવિનય રવાના</u>

-માન. અધ્યક્ષશ્રી ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના: (જાણ સારૂ)

- સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામક પરીક્ષા(સા.પ્ર. અને વિ.પ્ર.), ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ
- રાજયની તમામ રજીસ્ટર્ડ મા. અને ઉ.મા. શાળાઓના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ સારૂ. (બોર્ડના મુખપત્ર માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મારફતે)

## પરિશિષ્ટ - અ

(66 Board List-2022)

## ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત શાળામાં પ્રવેશ માટે સમકક્ષ બોર્ડની યાદી

| | |
|---|---|
| 1 | **GUJARAT SECONDARY & HIGHER SECONDARY EDUCATION BOARD**<br>Sector 10-B, Near Old Sachivalaya, Gandhinagar-382010 |
| 2 | **BOARD OF INTERMEDIATE EDUCATION (ANDHRA PRADESH),**<br>114/C3 Eshwar Elite Besides Sonovision Tadepalli, Guntur-522501 |
| 3 | **BOARD OF SECONDARY EDUCATION (ANDHRA PRADESH)**<br>D.No:20-124, Beside SPNRCH High School,<br>Opp. Andhra Hospitals, Gollapudi, Vijaywada-521225 |
| 4 | **ASSAM HIGHER SECONDARY EDUCATION COUNCIL**<br>Bamunimaidam, Guwahati-781 021 |
| 5 | **BOARD OF SECONDARY EDUCATION, ASSAM**<br>Bamunimaidam, Guwahati-781021 |
| 6 | **BIHAR SCHOOL EXAMINATION BOARD**<br>Budh Marg, Patna-800 001 |
| 7 | **CENTRAL BOARD OF SECONDARY EDUCATION**<br>2, Community Centre, Shiksha Kendra, Preet Vihar, Vikas Marg, Delhi – 110092 |
| 8 | **CHHATISGARH BOARD OF SECONDARY EDUCATION**<br>Pension Bada, Raipur - 492001 |
| 9 | **COUNCIL FOR THE INDIAN SCHOOL CERTIFICATE EXAMINATIONS**<br>Plot no. 35 & 36, M.B Road, Sector VI,<br>Pushp Vihar, Saket, New Delhi |
| 10 | **GOA BOARD OF SECONDARY AND HIGHER SECONDARY EDUCATION**<br>Alto Betim, Berdez, Goa - 403521 |
| 11 | **BOARD OF SCHOOL EDUCATION HARYANA**<br>Hansi Road, Bhiwani-127021 |
| 12 | **H. P. BOARD OF SCHOOL EDUCATION**<br>Gayana Lok Parisar, Civil Lines, Dharamshala, Kangra, Himachal Pradesh-176213 |
| 13 | **J&K STATE BOARD OF SCHOOL EDUCATION**<br>Rehari Colony, Jammu-180 005 (Nov to Apr)<br>Bemina, Bye Pass, Srinagar-190010 (May to Oct) |
| 14 | **JHARKHAND ACADEMIC COUNCIL**<br>Gyandeep Campus, Bargawan, Namkum, Ranchi – 834010 |
| 15 | **GOVERNMENT OF KARNATAKA DEPT. OF PRE-UNIVERSITY EDUCATION**<br>18th Cross, Sampige Road Malleswaram, Bangalore - 560012 |
| 16 | **KARNATAKA SECONDARY EDUCATION EXAMINATION BOARD**<br>6th Cross, Malleswaram, Bangalore 560003. |
| 17 | **KERALA BOARD OF PUBLIC EXAMINATION**<br>Pareeksha Bhawan, Poojapura, Thiruvananthapuram - 695012 |
| 18 | **KERALA BOARD OF HIGHER SECONDARY EDUCATION**<br>Housing Board Buildings, Santhi Nagar, Thiruvananthapuram – 695001 |

| | |
|---|---|
| 19 | **MAHARASHTRA STATE BOARD OF SECONDARY AND HIGHER SECONDARY EDUCATION**<br>S. R. No.- 832- A, Final Plot No- 178,179, Near Balchitrawani,<br>Behind Agharkar Research Institute, Bhamburda, Shivajinagar, Pune-411004. |
| 20 | **BOARD OF SECONDARY EDUCATION, MADHYA PRADESH**<br>Shivaji Nagar, Bhopal – 462011 |
| 21 | **BOARD OF SECONDARY EDUCATION, MANIPUR**<br>Babupara, Imphal – 795001 |
| 22 | **COUNCIL OF HIGHER SECONDARY EDUCATION, MANIPUR**<br>Babupara, Imphal (West)-795001 (Manipur) |
| 23 | **MEGHALAYA BOARD OF SCHOOL EDUCATION**<br>West Garo Hills, Tura, Meghalaya - 794001 |
| 24 | **MIZORAM BOARD OF SCHOOL EDUCATION**<br>Chaltlang, P.O Ramhlan Aizawl-796012 |
| 25 | **NAGALAND BOARD OF SCHOOL EDUCATION**<br>Post Box 613, Bayavu Hill, Kohima 797001 |
| 26 | **NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING**<br>A-24-25, Institutional Area, Sector-62,<br>NOIDA-201309 (UP), Distt. - Gautam Budh Nagar |
| 27 | **COUNCIL OF HIGHER SECONDARY EDUCATION, ODISHA**<br>C-2 Prajnapitha Samantapur, Bhubaneswar – 751013 |
| 28 | **BOARD OF SECONDARY EDUCATION, ODISHA**<br>Bajrakabati Road, Cuttack - 753001 |
| 29 | **PUNJAB SCHOOL EDUCATION BOARD**<br>Vidya Bhawan, Phase-8, SAS Nagar, Mohali 160062 |
| 30 | **BOARD OF SECONDARY EDUCATION RAJASTHAN**<br>Jaipur Road, Ajmer 305001 (Rajasthan) |
| 31 | **STATE BOARD OF SCHOOL EXAMINATIONS (Sec.) & BOARD OF HIGHER SECONDARY EXAMINATIONS, (TAMIL NADU)**<br>Directorate of Govt. Examinations, College Road, Chennai - 600006 |
| 32 | **TRIPURA BOARD OF SECONDARY EDUCATION**<br>Pandit Nehru. Complex, (Gurkha Basti), P.O. Kunjaban, Agartala – 799006 Tripura West |
| 33 | **BOARD OF SECONDARY EDUCATION, TELANGANA STATE**<br>Chapel Road, Nampally, Hyderabad - 500001 |
| 34 | **TELANGANA STATE BOARD OF INTERMEDIATE EDUCATION**<br>Vidya Bhawan, Nampally, Hyderabad -500001 |
| 35 | **U.P. BOARD OF HIGH SCHOOL & INTERMEDIATE EDUCATION**<br>9-Sarojini Naidu Marg, Allahabad 211001 |
| 36 | **BOARD OF SCHOOL EDUCATION UTTARAKHAND**<br>Ram Nagar, Nainital-244715 |
| 37 | **WEST BENGAL BOARD OF SECONDARY EDUCATION**<br>Nivedita Bhawan, Block DJ-8, Sect. II, Salt Lake City, Vidhannagar Kolkatta-700091 |

| | |
|---|---|
| 38 | **WEST BENGAL COUNCIL OF HIGHER SECONDARY EDUCATION**<br>Vidya sagar Bhavan, 9/2, D.J. Block, Sector-II, Salt Lake, Kolkata 700091 |
| 39 | **WEST BENGAL BOARD OF MADRASAH EDUCATION**<br>DD-45, Sector-1, Maulana Abdul Kalam Azad Bhavan, Salt Lake City, Kolkata-700064 |
| 40 | **THE WEST BENGAL COUNCIL OF RABINDRA OPEN SCHOOLING**<br>Bikash Bhavan (2ndFloor, East Block), Bidhannagar, Kolkata-700091 |
| 41 | **M. P. STATE OPEN SCHOOL EDUCATION BOARD**<br>School Education Department Govt. of M .P.<br>Shivaji Nagar, Bhopal – 462011. |
| 42 | **CHHATISGARH STATE OPEN SCHOOL**<br>Beside UCO Bank, Pension Bada, Raipur – 492001 (C.G) |
| 43 | **RAJASTHAN STATE OPEN SCHOOL**<br>Dr. S. Radhakrishanan Shiksha Sankul Parisar,<br>J.L.N. Marg Jaipur – 302004 (Rajasthan) |
| 44 | **BANASTHALI VIDYAPITH**<br>P.O. Banasthali Vidyapith-304022 (Rajasthan) |
| 45 | **BIHAR STATE MADRASA EDUCATION BOARD**<br>5, Vidyapati Marg, Patna-800001 |
| 46 | **CHHATISGARH MADRASA BOARD**<br>Old P.H.Q. Premise, Near Raj Bhawan (C.G.), Raipur- 492001. |
| 47 | **CHHATISGARH SANSKRIT BOARD**<br>Madhyamik Shiksha Mandal Parisar Pension Bada Raipur - 492001 |
| 48 | **MAHARISHI PATANJALI SANSKRIT SANSTHAN,**<br>(Dept. of School Education, Govt. of M.P.)<br>R-24, Zone-1, M P Nagar, Bhopal, Madhya Pradesh-462003 |
| 49 | **U.P BOARD OF SEC. SANSKRIT EDUCATION**<br>Sanskrit Bhawan, 2 Shahmeena Road, Lucknow- 226003 |
| 50 | **DAYALBAGH EDUCATIONAL INSTITUTE** (DEEMED UNIVERSITY)<br>Dayalbagh, AGRA-282115, (UP) |
| 51 | **BIHAR BOARD OF OPEN SCHOOLING & EXAMINATION**<br>Chanakya National Law University Campus, Nyay Nagar, Mithapur, Patna-800001. |
| 52 | **A.P.OPEN SCHOOL SOCIETY GOVERNMENT OF ANDHRA PRADESH**<br>Opp. Old Bus Stand, Pariksha Bhavan, Govt. Boy's High School(Campus), GUNTUR-522001 (Andhra Pradesh) |
| 53 | **BIHAR SANSKRIT SHIKSHA BOARD**<br>17, Back Harding Road, Patna- 800001 |
| 54(A)<br><br>54(B) | **KUMAR BHASKAR VARMA SANSKRIT AND ANCIENT STUDIES UNIVERSITY**<br>Namati, Nalbari- 781337 Assam.<br>**ASSAM SANSKRIT BOARD**<br>Kahilipara, Guwahati-781019 |
| 55 | **RASHTRIYA SANSKRIT SANSTHAN (Deemed University)**<br>56-57, Institutional Area, Janakpuri, New Delhi-110058 |

| | |
|---|---|
| 56 | **TELANGANA OPEN SCHOOL SOCIETY**<br>Government of Telangana, SCERT Campus, Opp. LB Stadium "E" Gate,<br>III Floor, Basheerbagh, Hyderabad-500001 |
| 57 | **ALIGARH MUSLIM UNIVERSITY BOARD OF SECONDARY & SENIOR SECONDARY EDUCATION, ALIGARH**<br>Aligarh -202002 (U.P) |
| 58 | **STATE MADRASSA EDUCATION BOARD, ASSAM**<br>Govt. of Assam, Office of the Director of Madrassa Education & Secretary,<br>State Madrassa Education Board, Assam Kahilipara, Guwahati- 781019 |
| 59 | **BOARD OF VOCATIONAL HIGHER SECONDARY EDUCATION, KERALA**<br>Housing Board Buildings, Thiruvananthapuram - 695001 |
| 60 | **UTTARAKHAND SANSKRIT SHIKSHA PARISHAD**<br>Gangotari Enclave, Badripur Road, Indrapur, (P.O: Badripur)<br>Dehradun-248001 |
| 61 | **UTTARAKHAND MADRASA EDUCATION BOARD**<br>Minority Welfare Building, B-Block, Shaheed Bhagat singh Colony,<br>Adoiwala, Dehradun-248001 (Uttarakhand) |
| 62 | **GURUKULA KANGRI VISHWAVIDYALAYA** (Deemed to be University)<br>PO Gurukula Kangri, Haridwar-249404 |
| 63 | **ODISHA STATE BOARD OF MADRASA EDUCATION (OSBME)**<br>URDU BHAVAN, Qr. No: 3R-3/1, Unit IX, Bhubaneswar-751022 |
| 64 | **RAJIV GANDHI UNIVERSITY OF KNOWLEDGE TECHNOLOGIES (RGUKT)**<br>Basar, Nirmal Dist. Telangana State-504107 |
| 65 | **WEST BENGAL STATE COUNCIL OF TECHNICAL & VOCATIONAL EDUCATION & SKILL DEVELOPMENT**<br>Newtown, Rajarhat, Kolkata-700160 |
| 66 | **DELHI BOARD OF SCHOOL EDUCATION**<br>I.P.Extension, Patparganj, Delhi-110092 |